# જામનગર મહાનગરપાલિકા

## *સને. ૨૦૨૧–૨૦૨૨ રિવાઈઝડ અને સને ૨૦૨૨–૨૦૨૩ના ડ્રાફટ અંદાજપત્ર અંગે કમિશ્નરશ્રી વિજય ખરાડી, આઈએએસ નું નિવેદન*

જામનગર મહાનગરપાલિકાના મેયર પદે શહેરના પ્રથમ નાગરિક માન.મેયરશ્રી શ્રીમતી બીનાબેન કોઠારી, ડેપ્યુટી મેયર પદે બીરાજેલ શ્રી તપનભાઈ પરમાર તથા સ્થાયી સમિતિનું સુકાન સંભાળતા શ્રી મનિષભાઈ કટારીયા તથા તમામ સભ્યોનું અભિનંદન સાથે આવકાર વ્યકત કરૂ છું.

ધી ગુજરાત પ્રોવિન્સિલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ની કલમ ૯૫ હેઠળ જામનગર મહાનગરપાલિકાનું સને. ૨૦૨૧–૨૦૨૨નું રિવાઈઝડ અંદાજપત્ર અને સને. ૨૦૨૨–૨૦૨૩નું ડ્રાફટ અંદાજપત્ર રજૂ કરતા આનંદની લાગણી અનુભવું છું.

છેલ્લા બે વર્ષ સમગ્ર દેશ અને દુનિયા માટે ખુબજ પડકારરૂપ બની રહેલ છે. છેલ્લા બે વર્ષની અંદર કુદરતી આપત્તિઓ – રોગચાળો, પૂર, અતિવૃષ્ટિ, વાવાઝોડુ જેવા અનેક કુદરતી પડકારોનો સામનો કરવો પડેલ છે. જેની અનેકવિધ અસરો સમગ્ર માનવજીવનને ક્ષુબ્ધ બનાવેલ છે અને સાથો સાથ સામાજિક માળખુ પણ તેની આડઅસરથી મુકત રહી શકયું નથી. પરંતુ આવી વિકટ અને અપૂર્વ પરિસ્થિતિમાં પણ આ શહેરએ તથા તેના નગરજનોએ આ વૈશ્વિક આફતને અવસરમાં પલટી નાખવા અથાગ પરિશ્રમ કર્યો છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થા તરીકે જામનગર મહાનગરપાલિકાની વિશેષ જવાબદારી રહી છે અને આટલા પડકારો વચ્ચે પણ સૌએ સાથે મળીને વિકાસની પગદંડી પર સતત આગે કદમ કરી છે.

કોરોના મહામારી જેવા વૈશ્વિક સંકટ સામે રક્ષણ પુરૂ પાડવા વેકસીનના અમલ બાદ પણ ત્રીજી લહેરના આક્રમણમાં પણ જામનગર મહાનગરપાલિકા છેલ્લા એક વર્ષમાં અવિરત વિકાસના નકશાને અપડેટ કરતુ રહયું છે. શહેરીજનોની સલામતી, સુખાકારી તથા અનિવાર્ય પ્રાથમિક સુવિધાઓને ધ્યાનમા રાખી અનેકવિધ કાર્યો હાથ ધરવામાં આવેલ છે અને આયોજન મુજબના અનેકવિધ કાર્યો પૂર્ણ કરેલ છે.

ગત વર્ષ ૨૦૨૧–૨૦૨૨નું અંદાજપત્ર રજૂ કરતી વખતે માળખાગત સુવિધાઓ અંતર્ગત અનેકવિધ કામોનું આયોજન રજૂ કરવામાં આવેલ. મને જણાવતા ખૂબજ આનંદ થાય છે કે, અંદાજપત્રમાં દર્શાવેલ અનેકવિધ કામો પૈકી ચાલુ નાણાંકીય વર્ષમાં આપણે ધણા મહત્વકાંક્ષી પ્રોજેકટો પૂર્ણ કરેલ છે. જેમાં સૌથી અગત્યના એવા

❖ **પાણી પૂરવઠા "નલ સે જલ અભિયાન" :**

પાણી પૂરવઠા યોજના અન્વયેના આયોજન હેઠળના કામો પૈકી ગુલાબનગર ખાતેનો જુનો જર્જરીત સમ્પ ડીસ્મેન્ટલ કરી નવો ૩૬ લાખની કેપેસીટી ધરાવતો સમ્પ, પમ્પ હાઉસ, કલોરીનેશન રૂમ તેમજ અન્ય આનુસાંગિક કામગીરી **રૂા. ૧.૮૬ કરોડના** ખર્ચે ચાલુ કરવામાં આવેલ છે.

શહેરના જુદા–જુદા વિસ્તારોમાં ડી.આઈ. પાઈપ લાઈન ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનું કામ રૂા. ૧૦ કરોડના ખર્ચે ચાલુ કરવામાં આવેલ છે.

સરકારશ્રી ધ્વારા ઘરે–ઘરે નળ ધ્વારા શુધ્ધ પાણી વિતરણ થાય તે હેતુસર "નલ સે જલ" અભિયાન અંતર્ગત શહેરના બાકી રહેતા અને નવા ભળેલ વિસ્તારો પૈકી ૨૫% જેટલા વિસ્તારો નળ કનેકશનથી કવરેજ કરી ચાલુ વર્ષમાં ૫૦૦૦ જેટલા નવા કનેકશનો આપવામા આવેલ છે. 'નલ સે જલ' અભિયાન અંતર્ગત અનઅધિકૃત (ભૂતિયા) નળકનેકશનો રેગ્યુલરાઈઝ કરવા માટે રાજય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૬–૦૮–૨૦૨૦ના ઠરાવ અને ત્યારબાદ તેની મુદતમા થયેલ વધારા અનુસાર જામનગર મહાનગરપાલિકા ધ્વારા આવા તમામ નળ કનેકશનોનું સર્વે કરી ૨૧,૪૯૦ જેટલા ભૂતિયા નળ કનેકશનોને રેગ્યુલરાઈઝ કરી રૂા. ૩.૨૮ કરોડની આવક પ્રાપ્ત કરેલ છે.

❖ **અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ :**

- **આયોજન હેઠળના કામો :**
  - ○ સને. ૨૦૨૧–૨૨ના આયોજન પૈકીના સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂા. ૩૧ કરોડના ખર્ચે શહેરના પેકેજ–૧, ૨ અને ૩ વિસ્તારોમાં સીવેજ કલેકશન પાઈપ લાઈન નેટવર્કના કામો પ્રગતિ હેઠળ છે. જે આયોજન અનુસાર જુલાઈ–૨૨ અંતિત પૂર્ણ કરવામાં આવશે.
  - ○ ૧૪મા નાણાપંચ હેઠળ હૈયાત નેટવર્ક સાથે જોડી શકાય તે માટેના રૂા. ૨.૪૪ કરોડના ખર્ચે સીવેજ કલેકશન પાઈપ લાઈન નેટવર્કનું કામ પ્રગતિ હેઠળ છે. જે આયોજન અનુસાર જુન–૨૨ અંતિત પૂર્ણ કરવામાં આવશે.
  - ○ અમૃત યોજના હેઠળ બેડી વિસ્તારમાં પર્મ્પીગ સ્ટેશનનું કામ રૂા. ૯.૨૯ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

❖ **રસ્તાઓ :**

- માન. સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના, સડક યોજના, લોક ભાગીદારી યોજના તથા આઉટગ્રોથ એરીયાની ગ્રાન્ટ અંતર્ગત રૂા. ૨૫ કરોડના ડામર/સી.સી. રોડના કામોના આયોજન અન્વયે ચાલુ નાણાંકીય વર્ષમા રૂા. ૨૫.૧૬ કરોડના કામો પૂર્ણ થયેલ છે.

❖ **ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ**

- ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ માટે ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા ચાલુ વર્ષે રૂા.૧૫ કરોડના જુદા–જુદા સાધનો જામનગર મહાનગરપાલિકાને આપવામાં આવનાર છે.

❖ **આંતરમાળખાકીય સુવિધાના કામો :**

**રીંગ રોડ વાઈડનીંગ :**

સમર્પણ સર્કલ થી બેડી જંકશન સુધી પહેલા ફેઈઝમાં રૂા. ૧૬ કરોડના ખર્ચ પૈકી હાલે ફેઈઝ–૧નું મેટલ વાઈડનીંગનું કામ શરૂ કરવામાં આવેલ છે. જે આયોજન અનુસાર એપ્રિલ–૨૨ અંતિત પૂર્ણ કરવામાં આવશે.

**નવુ જનરલ બોર્ડ બિલ્ડીંગ :**

૧૫માં નાણાપંચની ગ્રાન્ટ આધારિત મહાનગરપાલિકા ઓફિસ કેમ્પસમા નવુ જનરલ બોર્ડ બિલ્ડીંગ બનાવવાનું કામ ટૂંક સમયમા શરૂ કરવામાં આવનાર છે.

❖ **સ્વચ્છ જામનગર, સ્વસ્થ જામનગર :**

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા સર્વેક્ષણમાં જામનગર મહાનગરપાલિકાનો ૨૩મો ક્રમ આવેલ છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ચાલુ વર્ષે આયોજન હેઠળના તમામ વાહનો રૂા. ૫ કરોડના ખર્ચે વસાવવામા આવેલ છે.

❖ **હાઉસીંગ સેલ :**

- આયોજન હેઠળના કુલ ૩૬૮ આવાસો રૂા. ૩૪.૩૭ કરોડના ખર્ચે ચાલુ હોય, જે પૈકી ૯૬ આવાસનો કામ રૂા. ૬.૫૪ કરોડના ખચે એપ્રિલ–૨૦૨૨ અંતિત પૂર્ણ થશે. તથા ૨૭૨ આવાસોનું કામ રૂા. ૨૭.૮૩ કરોડના ખર્ચે જુન–૨૦૨૨ અંતિત પૂણ થશે.
- નેશ્નલ અર્બન લાઈવલી હુડ મિશન અંતર્ગત નિરાશ્રીત લોકો માટે આશ્રય સ્થાન મળી રહે તે હેતુથી જામનગર શહેરના મેઈન રેલ્વે સ્ટેશન પાસે બેડી બંદર રોડ ટચ રેલ્વે ઓવર બ્રીજ પાસે ઘર વિહોણા લોકોને આશ્રય મળી રહે તે મુજબનું ૩૨૦ નિરાશ્રીતોનો સમાવેશ થઈ શકે તેવુ આશ્રય સ્થાન બનાવવાની કામગીરી રૂા. ૧.૬૧ કરોડના ખર્ચે હાલ પ્રગતિ હેઠળ છે, જે એપ્રિલ–૨૦૨૨માં પૂર્ણ થશે.

❖ **પબ્લીક પાર્ક એન્ડ ગાર્ડન :**

- ૦ અમૃત યોજનાની ગ્રાન્ટ અંતર્ગત શહેરમાં જુદી–જુદી ૪ જગ્યાએ થીમ બેઈઝ ગાર્ડન ડેવલપ કરવાના આયોજન પૈકી ૩ ગાર્ડનની કામગીરી રૂા. ૧.૮૮ કરોડના ખચે પ્રગતિ હેઠળ છે. જે માર્ચ–૨૦૨૨માં પૂર્ણ થશે.

❖ **આગવી ઓળખના કામો :**

- ૦ રણમલ તળાવ પાસે આવેલ રક્ષિત સ્મારક એવા ભુજીયા કોઠાના રેસ્ટોરેશન કન્ઝર્વેશન કન્સોલીડેશન તથા રી–પ્રોડકશન કરવાનું કામ રૂા. ૨૩.૪૧ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.

❖ **જાહેર સુખાકારી અને સમૃધ્ધિ અન્વયેના કામો :**

- ૦ એલ.સી. ૧૯૯ એરફોર્સ પાસે રેલ્વે ઓવર બ્રીજ અંદાજે રૂા. ૨૩ કરોડના ખર્ચે બનાવવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે જે આયોજન અનુસાર એપ્રિલ–૨૦૨૨ અંતિત પૂર્ણ કરવામાં આવશે.
- ૦ સ્ટોર્મ વોટર ડ્રેનેજ વીથ વોટર હાર્વેસ્ટીંગના કુલ બે કામો રૂા. ૨.૪૫ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે.
- ૦ સુભાષબ્રીજ થી સાત રસ્તા સર્કલ સુધી ફલાય ઓવર બ્રીજ રૂા. ૧૯૩ કરોડના ખર્ચે બનાવવાની કામગીરી હાલે પ્રગતિ હેઠળ છે.

❖ **એનર્જી એફીસીઅન્સી :**

- ૦ સેન્ટર લાઈટીંગના કામના આયોજન અન્વયે ૩ સેન્ટર લાઈટીંગના કામો રૂા. ૧૭ લાખના ખર્ચે પૂર્ણ કરેલ છે.

આમ, જામનગર મહાનગરપાલિકા ધ્વારા સને. ૨૦૨૧–૨૦૨૨ના કુલ **રૂા. ૨૫૭.૨૧** કરોડના કામોના આયોજન અન્વયે કોવિડ–૧૯ની મહામારીમા પણ **રૂા. ૨૩૪.૪૫** કરોડના કામો પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે.

❖ **અન્ય :**

- રતનબાઈ મસ્જિદ પાસે આવેલ જુની સીટી ડીસ્પેન્સરીવાળી જગ્યામા શ્રી હરિદાસ જીવણદાસ લાલ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી પી.પી.પી. બેઈઝ પર પબ્લિક હેલ્થ સેન્ટર બનાવવાનું કામ ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે.

- રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ ૪૬૬ વિધવા બહેનોને રૂા. ૨૦૦૦૦ની નાણાંકીય સહાય માટે બી.પી.એલ. કાર્ડ ઈશ્યુ કરવામાં આવેલ છે. તેમજ નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ કુલ ૫૮ સીનીયર સીટીઝન (વૃધ્ધ) લોકોને બી.પી.એલ. કાર્ડ કાઢી આપવામાં આવેલ છે.

- દિન–દયાલ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત સામાજીક ગતિશિલતા અને સંસ્થાગત વિકાસ માટે ૧૨૫ જેટલા સ્વસહાય જુથોની રચના કરવામાં આવેલ છે તે પૈકી ૭૦ સ્વસહાય જુથોને રૂા. ૭,૦૦,૦૦૦/–નું રિવોલ્વીંગ ફંડ ચૂકવવામા આવેલ છે.

- સ્વસહાય જુથ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૬૦ થી વધુ સ્વસહાય જુથોને રૂા. ૧.૧૬ કરોડ જેટલુ ધિરાણ બેંક ધ્વારા અપાવી રોજગારીની તકોમાં વધારો કરવામાં આવેલ છે.

- માન. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અન્વયે કુલ ૧૦૧૧ જૂથની રચના કરવામા આવેલ છે. જે પૈકી ૩૩ જૂથોને રૂા. ૧ લાખની પ્રતિ જુથ લોન અપાવવામાં આવેલ છે.

- પી.એમ. સ્વનિધિ યોજના અન્વયે શહેરી શેરી ફેરીયાઓને રૂા. ૧૦,૦૦૦ની લોન સહાય યોજના અંતર્ગત જામનગર મહાનગરપાલિકા ધ્વારા ૮૩૮૭ જેટલા શેરી ફેરીયાઓના લોન એપ્લીકેશન કરાવવામા આવેલ છે. જેમાંથી ૫૫૯૫ શેરી ફેરીયાઓની લોન મંજૂર થયેલ છે અને ૪૨૫૨ ફેરીયાઓને લોન ચુકવવામાં આવેલ છે. આ યોજના અન્વયે રૂા.૧૦,૦૦૦/– લોન પૂર્ણ થયેલ હોય તેવા શહેરી ફેરીયાઓને રૂા.૨૦,૦૦૦/– ની લોન સદરહુ યોજના અન્વયે લોન મળવાપાત્ર હોય કુલ ૩૮૮ શહેરી ફેરીયાઓને લાભ અપાવવામાં આવેલ છે.

# : આગામી વર્ષ ૨૦૨૨–૨૦૨૩નું આયોજન :

આગામી સાલના મુખ્ય આયોજનો નીચે મુજબ છે.

**(૧) પાણી પૂરવઠા :**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ની ગ્રાન્ટ હેઠળ જામનગર શહેરની હદમા નવા ભળેલા નગરસીમ વિસ્તારમાં તથા શહેરના બાકી રહેતા તમામ વિસ્તારોમા નળ સે જલ યોજના અન્વયે ગોકુલનગર તથા મહાપ્રભુજી બેઠક તેમજ સમર્પણ વિસ્તારમાં મુખ્ય તથા ડીસ્ટ્રીબ્યુશન નેટવક અન્વયે ડી.આઈ. પાઈપલાઈનના કામો રૂા. ૨૫ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે, જે હાલે ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

(૨) ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ હેઠળ શહેરની હદમા નવા ભળેલા નગરસીમ વિસ્તારોમાં શુધ્ધ અને પુરતા પ્રેશરથી પાણી મળી શકે તે હેતુસર નવા ભળેલા નગરસીમ વિસ્તારોમાં તેમજ અવાર–નવાર સર્જાતા લીકેજીસના પ્રશ્નોનું નિરાકરણ કરવા ડી.આઈ. પાઈપ લાઈનનું કામ રૂા. ૩.૪૨ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે, જે હાલે ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

(૩) ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ હેઠળ રાજાશાહી વખતના રણજીતસાગર ડેમના સ્ટ્રેન્ધનીંગ તથા અપગ્રેડેશનનું કામ રૂા. ૫ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે.

(૪) સરકારશ્રી ધ્વારા હાલમા અમૃત ૨ યોજના લોન્ચ કરવામા આવી છે જે અંતર્ગત હાલે જામનગર શહેરનો સીટી વોટર બેલેન્સ પ્લાન–૨૦૨૫ના વર્ષ માટે તૈયાર કરી સરકારશ્રીમાં રજૂ કરવામાં આવેલ છે. સને. ૨૦૨૫ સુધી જામનગર શહેરમાં પાણી વિતરણ માટે ખુટતા ઈન્ફ્રાસ્ટ્રકચર જેવા કે, ફિલ્ટર પ્લાન્ટ, પાણીના સ્ત્રોત વિગેરે માટે સરકારશ્રી ધ્વારા ગ્રાન્ટ મંજૂર કરવામાં આવ્યેથી કામગીરી હાથ ધરવાનું આયોજન છે, જેમા મુખ્યત્વે

- (એ) રણજીતસાગર ડેમ થી પમ્પ હાઉસ ફિલ્ટર પ્લાન્ટ સુધી ૯૦૦–૧૦૦૦ એમ.એમ. ડાયાની ડી.આઈ. કે–૯, ૭ કી.મી. નાખવાનું રૂા. ૨૦ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે.
- (બી) નવા ભળેલા નગરસીમ વિસ્તાર જેમા ખંભાળીયા બાયપાસ વિસ્તારમાં ન્યુ જામનગર / નાઘેડી પાસે ફિલ્ટર પ્લાન્ટ, ઈ.એસ.આર. તથા સમ્પ વિગેરે ઈન્ફ્રા. તથા પાઈપલાઈનનું અંદાજે રૂા. ૩૦ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે.

(૨) **અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ :**

૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમત્રી શહેરી વિકાસ યોજના હેઠળ (જી.યુ.ડી.એમ. ૧૮–૧૯) અન્વયે શહેરના નવા ભળેલા વિસ્તારો પૈકીના વો. નં. ૧૫, અને ૧૬ના મયુર ટાઉનશીપ થી લાલપુર બાયપાસ ચોકડી અને મારૂ કંસારા સમાજની વાડી થી લાલપુર બાયપાસ ચોકડી સુધીના વિસ્તારોમાં સીવર કલેકશન પાઈપ લાઈન નેટવર્કનું રૂા. ૧૬.૭૭ કરોડના કામોનું આયોજન છે.

૨) સ્વર્ણિમ જયંતિ મુખ્યમત્રી શહેરી વિકાસ યોજના હેઠળ (જી.યુ.ડી.એમ. ૧૮–૧૯) અન્વયે હૈયાત પમ્પીંગ સ્ટેશનોના ઓગમેન્ટશન માટે આશરે રૂા. ૧૪.૧૭ કરોડના ખર્ચે કામનું આયોજન છે.

૩) ૧૫મા નાણાપંચ હેઠળ વો. નં. ૧૬માં ગોકુલદર્શન સોસાયટી થી કાલાવડ ગેઈટ પમ્પીંગ સ્ટેશન સુધી તેમજ વો. નં. ૧૧માં મહાપ્રભુજી બેઠક પાસેના વિસ્તાર અને વો. નં. ૧૨માં મોરકંડા રોડ ઉપર સીવર કલેકશન પાઈપ લાઈન નેટવર્કનું રૂા. ૧૨.૫૭ કરોડના ખર્ચે કરવાનું આયોજન છે.

૪) શહેરમાં જુદા–જુદા વિસ્તારોમાં જરૂરિયાત મુજબ સીવર કલેકશન પાઈપ લાઈન નેટવર્કનું રૂા. ૧ કરોડના કામનું આયોજન છે.

૫) જામનગર શહેરમાં બાકી રહેતા તથા નવા ભળેલા વિસ્તારો જેવા કે, હાપા વિસ્તાર, મહાપ્રભુજી બેઠક થી ઠેબા ચોકડી સુધીનો વિસ્તાર, લાલપુર બાયપાસની આજુબાજુનો વિસ્તાર, સમર્પણ હોસ્પિટલ પાસેનો વિસ્તાર, નાઘેડી તરફ જતા રસ્તાની આજુબાજુનો વિસ્તાર, ઢીંચડા રોડની આજુબાજુનો વિસ્તાર તેમજ માધાપર ભુંગા જોડીયા ભુંગા, ગરીબ નગર વિગેરે વિસ્તારોમાં સીવર કલેકશન પાઈપ લાઈન નેટવર્ક, ૫૦ એમ.એલ.ડી. સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ૪ સીવેજ પમ્પીંગ સ્ટેશનો તથા રાઈઝીંગ મેઈન પાઈપ લાઈનના કામો સ્વર્ણિમ જયંતિ મુખ્યમત્રી શહેરી વિકાસ યોજના (જી.યુ.ડી.એમ. ૧૯–૨૦), અમૃત–૨ તથા એસ.બી.એમ.–૨ યોજના હેઠળ અંદાજે રૂા. ૩૦૦ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે જે ગ્રાન્ટ ઉપલબ્ધિને આધિન સદરહું કામો હાથ ધરવામા આવશે.

(૩) **રસ્તાઓ**

માન. સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના, સડક યોજના, લોકભાગીદારી યોજના, નાણાપંચ તથા આઉટગ્રોથ એરીયાની ગ્રાન્ટ અંતર્ગત રૂા. ૫૦ કરોડના ડામર / સી.સી. રોડના કામોનું આયોજન કરવામાં આવેલ છે.

**(૪) આંતરમાળખાકીય સુવિધાના કામો :**

**૧) ઓવરબ્રીજ :**

અન્નપૂર્ણા ચોકડી થી રાજકોટ રોડ પર હાપા માર્કેટીંગ યાર્ડ પાસે એલ.સી. નં. ૧૮૮ પર ટુ–લેન રેલ્વે ઓવર બ્રીજ જેએમસી પોર્શન રૂા. ૩૨.૪૦ કરોડ + રેલ્વે પોર્શનના રૂા. ૯.૯૪ કરોડ મળી કુલ રૂા. ૩૨.૩૪ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન છે.

સમર્પણ સર્કલ થી વિજયનગર જકાતનાકા પર સૈનિક ભવન પાસે એલ.સી. નં. ૨૦૧ પર ટુ–લેન રેલ્વે ઓવર બ્રીજ જેએમસી પોર્શન રૂા. ૩૩.૪૮ કરોડ + રેલ્વે પોર્શન રૂા. ૫.૬૦ કરોડ મળી કુલ રૂા. ૩૯.૦૮ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન.

વિજયનગર જકાત નાકા થી નાઘેડી બાયપાસ રોડ પર હિન્દુસ્તાન એનિમલ ફીડ પાસે એલ.સી. નં. ૨૦૨ પર ફોરલેન રેલ્વે અન્ડર બ્રીજ રૂા. ૧૯.૬૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન.

લાલપુર બાયપાસ ચોકડી પાસે ટ્રાફિક સમસ્યા તથા અકસ્માત નિવારણ અર્થે ફોરલેન ઓવર બ્રીજ રૂા. ૬૫ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન.

**(૨) અર્બન હેલ્થ સેન્ટર :**

અન્નપૂર્ણા ચોકડી થી હાપા માર્કેટીંગ યાર્ડ પાસે આવેલ ટી.પી. સ્કીમ નં. ૨, સર્વે નં. ૨૩, ઓરીજીનલ પ્લોટ નં. ૨૧, અંતિમ પ્લોટ નં. ૬૧માં કુલ ૮૮૧૧.૬૬ ચો.મી. પૈકી ૩૫૦૦ ચો.મી. જગ્યામા અર્બન હેલ્થ સેન્ટર રૂા. ૮.૭૩ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન હાથ ધરેલ છે.

(૩) લાઈટ વિભાગ હસ્તક સને ૨૦૨૨–૨૩ માં શહેરના મુખ્ય જંકશનો ખાતે હાઈ માસ્ક ટાવર ઈન્સ્ટોલેશન વર્ક, સેન્ટ્રલ લાઈટીંગ ના કામો તથા ઓફીસ બિલ્ડીંગ ખાતે સોલાર રૂફટોપ પ્રોજેકટ સહિત કુલ રૂા.૩.૨૬ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે.

(૪) શહેરમાં લોલાઈંગ એરીયા અને વોટરલોગીંગના પ્રશ્નના નિરાકરણ અર્થે સ્ટોર્મ વોટર ડ્રેનેજ વીથ વોટર હાર્વેસ્ટીંગના કુલ ૧૨ કામો રૂા. ૧૬.૭૫ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન.

(૬) જામનગર શહેરમાં અલગ–અલગ વોર્ડ વિસ્તારોમાં આવેલા કુલ ૭ નવા કોમ્યુનીટી હોલ અને જુના જર્જરીત કોમ્યુનીટી હોલને સ્ટ્રેન્ધનીંગ કરવા રૂા. ૭૫ લાખના ખર્ચે આયોજન.

(૭) રણજીતસાગર ડેમ પાસે એનિમલ સેન્ટર હોમ રૂા. ૧ કરોડના ખર્ચે બનાવવાનુ આયોજન.

(૮) ઈન્ટ્રીગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર રૂા. ૨ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન.

(૯) જામનગર મહાનગરપાલિકા દ્વારા અગાઉના અંદાજપત્રમાં સૂચિત ફાયર સ્ટેશન, સી–ફેસ ડેવલપમેન્ટ (નેકલેશ રોડ), એનીમલ હોસ્ટેલ, નવુ સ્મશાન, સાયન્સ નોલેજ પાર્ક, ટાગોર કલ્ચરલ કોમ્પલેક્ષ અને સ્પોટર્સ કોમ્લેક્ષ સુચિત ડી.પી.આર. બનાવી ગ્રાંટ માટે દરખાસ્ત કરેલ હોય ગ્રાંટ ઉપલબ્ધીને આધીન આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**(૫) સ્વચ્છ જામનગર :**

○ ૨૦૨૧ થી ૨૦૨૫ દરમ્યાન સ્વચ્છ ભારત મિશન–૨.૦ હેઠળ ગ્રાંટ ઉપલબ્ધીને આધીન અલગ અલગ પ્રકારના કામો કરવાના થાય છે. જેમાં મુખ્યત્વે ડમ્પીંગ પોઈન્ટ ખાતે એકત્ર થયેલ જુના ગાર્બેજ નિકાલની કામગીરી (ડમ્પીંગ સાઈટ રેમીડીએશન), લેન્ડ ફીલ સાઈટ ડેવલપમેન્ટ, ટ્રાન્સફર સ્ટેશન, રોડ સ્વીપર મશીન ખરીદી, નવા પે એન્ડ યુઝ તથા હયાત ટોયલેટ બ્લોક રીપેરીંગ કામ વિગેરે કામો કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

**(૬) હાઉસીંગ સેલ :**

○ પ્રધાનમંત્રી આવાસ યોજનાના એફોર્ડેબલ હાઉસીંગ યોજના અંતર્ગત પોલીસ હેડ કવાર્ટર પાછળ, ગોલ્ડન સીટી પાસે ઈડબલ્યુએસ–૨ ટાઈપ ૫૪૪ આવાસો રૂા.૫૦.૭૮ કરોડ ના ખર્ચે બનાવવાનું આયોજન

આગામી સાલ ૨૦૨૨–૨૩ માટે કુલ રૂા. ૫૦૩.૭૪ કરોડના કામોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

આ કામો સરકારશ્રી તરફથી મળનાર સંભવિત ગ્રાન્ટ આધારિત હોય, ગ્રાન્ટની ઉપલબ્ધિ અનુસાર ક્રમશઃ હાથ ધરવા જામનગર મહાનગરપાલિકા કટિબદ્ધ છે.

જામનગર મહાનગરપાલિકા ધ્વારા પૂરી પાડવામા આવતી સેવાઓ પાછળ થતા ખર્ચ અને તે સુવિધાઓ પૂરી પાડવામાંથી થતી આવકની તરફ નજર નાંખીએ તો આ તમામ સેવાઓ જામનગર મહાનગરપાલિકા ધ્વારા સબસીડાઈઝ દરે પૂરી પાડવામા આવે છે.

જામનગર મહાનગરપાલિકા ધ્વારા ખર્ચને પહોંચી વળવા અને આવક વધારવા અનેકવિધ ઉપાયો હાથ ધરાયેલ છે. જે ધ્યાને રાખી આગામી સાલે કર અને દરમાં કોઈપણ જાતનો વધારો સૂચવવામાં આવેલ નથી. પરંતુ સામાન્યતઃ ફીના ધોરણોમા નજીવો એવો વધારો સૂચવવામાં આવેલ છે.

આપ સૌ સભાસદો, શહેરના અગ્રગણ્ય નાગરિકો અને મારા સાથી અધિકારીઓ / કર્મચારીઓનો મને સંપૂર્ણ સહકાર મળેલ છે. તે બદલ સહુનો આભાર માનુ છું. અને મહાનગરપાલિકા સુંદર ભવિષ્યની કલ્પના સહ ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ–૧૦૧ અને ૧૦૪ અનુસાર સને ૨૦૨૧–૨૦૨૨ના વર્ષનું "રીવાઈઝડ અંદાજપત્ર" તથા કલમ–૯૫ અનુસાર સને ૨૦૨૨–૨૦૨૩ના વર્ષનું જામનગર મહાનગરપાલિકાનું આવક–ખર્ચનું "ડ્રાફટ અંદાજપત્ર" કર અને દર અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી માટે રજુ કરતા હું હર્ષ અનુભવુ છું.

## વિભાગ – અ

## *સને. ૨૦૨૧–૨૦૨૨નું રીવાઈઝડ અંદાજપત્ર*

સને.૨૦૨૧–૨૦૨૨નું અંદાજપત્ર મહાનગરપાલિકાએ મંજૂર કર્યા બાદ વર્ષ દરમ્યાન સમયની તાકિદ અને સંજોગોને અનુરૂપ તાકીદના તેમજ અન્ય કામો હાથ ધરાતા અંદાજેલી ઉઘડતી સિલક સામે આવેલ ખરેખર સિલકને ધ્યાને લેતા મહેસુલી / કેપીટલ એકાઉન્ટના આવક/ખર્ચના અંદાજોમાં ખાતાઓની માંગણી મુજબ જરૂરી ફેરફાર કરી મહેસુલી / કેપીટલ ખર્ચ બાજુએ અગત્યના કામો માટે પુનઃ ફાળવણી કરવામાં આવી છે.

આમ, મહાનગરપાલિકાના સને. ૨૦૨૧–૨૦૨૨ના સુધારેલ અંદાજપત્રમાં કરવામાં આવેલ ફેરફાર અને તે મુજબ મહાનગરપાલિકાના આવક–ખર્ચ નીચે મુજબ રહેશે.

➢ **વર્ષ ૨૦૨૧–૨૦૨૨ના રીવાઈઝડ અંદાજ તરફ :**

**પત્રક – "અ"**

*(આંકડા કરોડમાં)*

| *વિગત* | *સને. ૨૦૨૧–૨૦૨૨ મંજૂર કરેલ અંદાજ (વર્ષ દરમ્યાન ગ્રાન્ટ ટ્રાન્સફર સહિત)* | *સને. ૨૦૨૧–૨૦૨૨ રીવાઈઝડ અંદાજ* |
|---|---|---|
| **ઉઘડતી પુરાંત** | *૨૩૨.૯૦* | **૨૪૭.૧૫** |
| (૧) મહેસુલી આવક | *૩૦૩.૯૪* | *૨૭૩.૫૪* |
| (૨) કેપીટલ સ્વભંડોળ આવક | *૨૭.૩૭* | *૧૬.૧૬* |
| (૩) કેપીટલ ગ્રાંટ આવક | *૨૦૧.૭૨* | *૨૧૪.૧૮* |
| (૪) અનામત આવક | *૪૬.૪૦* | *૩૭.૨૦* |
| (૫) એડવાન્સ આવક | *૩.૩૮* | *૨.૩૨* |
| **કુલ આવક** | **૫૮૨.૮૧** | **૫૪૩.૪૦** |
| **ઉઘડતી સિલક સહ કુલ** | **૮૧૫.૭૧** | **૭૯૦.૫૫** |
| (૧) મહેસુલી ખર્ચ | *૩૦૫.૦૮* | *૨૮૭.૭૫* |
| (૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ | *૧૮.૦૧* | *૮.૭૭* |
| (૩) કેપીટલ ગ્રાંટ ખર્ચ | *૨૩૯.૭૧* | *૨૨૫.૬૮* |
| (૪) અનામત ખર્ચ | *૪૬.૨૦* | *૨૬.૮૨* |
| (૫) એડવાન્સ ખર્ચ | *૩.૪૯* | *૧.૫૮* |
| **કુલ ખર્ચ** | **૬૧૨.૪૯** | **૫૫૦.૬૦** |
| **બંધ પુરાંત** | **૨૦૩.૨૨** | **૨૩૯.૯૫** |

## પત્રક – "બ"

| (આંકડા કરોડમાં) | | |
|---|---|---|
| અંદાજપત્ર એકત્રીકરણ | | |
| વિગત | સને. ૨૦૨૧–૨૦૨૨ મંજૂર કરેલ અંદાજ (વર્ષ દરમ્યાન ગ્રાન્ટ ટ્રાન્સફર સહિત) | સને. ૨૦૨૧–૨૦૨૨ રીવાઈઝડ અંદાજ |
| ઉઘડતી પુરાંત | ૨૩૨.૯૦ | ૨૪૭.૧૫ |
| આવક | ૫૮૨.૮૧ | ૫૪૩.૪૦ |
| **કુલ** | ૮૧૫.૭૧ | ૭૯૦.૫૫ |
| ખર્ચ | ૬૧૨.૪૯ | ૫૫૦.૬૦ |
| **બંધ પુરાંત** | ૨૦૩.૨૨ | ૨૩૯.૯૫ |

સને. ૨૦૨૧–૨૦૨૨ના મૂળ અંદાજો અને રીવાઈઝડ અંદાજો જોઈએ તો મહેસુલી આવક અને મહેસુલી ખર્ચ મુળભૂતના અંદાજો અનુસાર રીવાઈઝડ અંદાજો પણ વાસ્તવલક્ષી પરિણમે તે અનુસારની કાર્યવાહી મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ છે.

**(૧) ચાલુ સાલના અંદાજો અંગે :**

ચાલુ સાલના અંદાજો કે જે તા. ૩૦–૧૧–૨૦૨૧ સુધીના ખરેખર આવક ખર્ચના આંકડાને ધ્યાનમાં રાખીને તે મુજબ સને. ૨૦૨૧–૨૦૨૨નું રીવાઈઝડ અંદાજપત્ર બનાવેલ છે. સને. ૨૦૨૧–૨૦૨૨ની સાલના મંજૂર કરાયેલ અંદાજ કોલમ નં. ૬માં દર્શાવેલ છે. પ્રથમ આઠ માસમાં ખરેખર થયેલ આવક–ખર્ચના આંકડા કોલમ નં. ૭ માં દર્શાવેલ છે. અને બાકીના ચાર માસના સંભવિત આવક અને ખર્ચના આંકડા કોલમ નં. ૮ માં દર્શાવેલ છે. સને. ૨૦૨૧–૨૦૨૨ની સાલના રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજ કોલમ નં. ૯ માં દર્શાવેલ છે.

આગામી વર્ષ ૨૦૨૨–૨૦૨૩ માટે (૧) મહેસુલી આવક તથા ખર્ચ (૨) કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચ (૩) કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચ, (૪) એડવાન્સ આવક અને ખર્ચ અને (૫) અનામત આવક અને ખર્ચ અંદાજપત્રનાં અંદાજ રજુ કરવામાં આવેલ છે. સને. ૨૦૨૨–૨૦૨૩ની દરખાસ્ત કોલમ નં. ૧૦ માં દર્શાવેલ છે.

સને. ૨૦૨૧–૨૦૨૨ના વર્ષના રીવાઈઝડ અંદાજ નીચે મુજબ કરવામાં આવેલ છે. વધારો–ઘટાડો દર્શાવવામાં આવેલ છે.

## આવક :

(આંકડા કરોડમાં)

| અનુ. નં. | વિગત | મુળઅંદાજ પત્ર મુજબ (ગ્રાન્ટ ટ્રાન્સફર સહિત) | રીવાઈઝ અંદાજપત્ર મુજબ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ઓકટ્રોય વળતર ગ્રાન્ટ | ૪૦.૨૬ | ૪૦.૨૬ | - | - |
| (૨) | રોકાણ પરનું વ્યાજ | ૧.૦૦ | ૧.૫૦ | ૦.૫૦ | - |
| (૩) | વાહન કર. | ૪.૦૦ | ૪.૫૦ | ૦.૫૦ | - |
| (૫) | મિલ્કત વેરો (રેન્ટ બેઈઝ) | ૧.૫૦ | ૧.૫૦ | - | - |
| (૬) | મિલ્કત વેરો (કારપેટ) | ૪૫.૦૦ | ૪૫.૦૦ | - | - |
| (૭) | સર્વિસ ચાર્જ | ૨૫.૦૦ | ૧.૫૦ | - | ૨૩.૫૦ |
| (૮) | મિલ્કત વેરો (અન્ય) | ૧૩.૭૯ | ૧૪.૮૯ | ૧.૧૦ | - |
| (૯) | વ્યવસાય વેરો | ૭.૪૦ | ૫.૬૫ | - | ૧.૭૫ |
| (૧૦) | ટાઉન પ્લાનીંગ | ૪૯.૧૪ | ૪૭.૮૨ | - | ૧.૩૨ |
| (૧૧) | મીટર વાળી ઉપજ | ૧૫.૦૦ | ૧૫.૦૦ | - | - |
| (૧૨) | મીટર વગરની ઉપજ | ૧૪.૨૦ | ૧૨.૦૦ | - | ૨.૨૦ |
| (૧૩) | વોટર વર્કસ અન્ય | ૨.૫૨ | ૨.૮૨ | ૦.૩૦ | - |
| (૧૪) | મહેસુલી ગ્રાંટ | ૮૨.૦૪ | ૮૦.૦૧ | - | ૨.૦૩ |
| (૧૫) | અન્ય | ૩.૦૯ | ૧.૦૯ | - | ૨.૦૦ |
| (૧૬) | કેપીટલ સ્વભંડોળ | ૨૭.૩૭ | ૧૬.૧૬ | - | ૧૧.૨૧ |
| (૧૭) | કેપીટલ ગ્રાન્ટ | ૨૦૧.૭૨ | ૨૧૪.૧૮ | ૧૨.૪૬ | - |
| (૧૮) | અનામત | ૪૬.૪૦ | ૩૭.૨૦ | - | ૯.૨૧ |
| (૧૯) | એડવાન્સ | ૩.૩૮ | ૨.૩૨ | - | ૧.૦૬ |
| | કુલ | ૫૮૨.૮૧ | ૫૪૩.૪૦ | ૧૪.૮૬ | ૫૪.૨૭ |

## ખર્ચ :

(આંકડા કરોડમાં)

| અનુ. નં. | વિગત | અંદાજ પત્ર મુજબ | રીવાઈઝ મુજબ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૧૬૭.૬૧ | ૧૬૨.૭૯ | - | ૪.૮૨ |
| (૨) | વહીવટી ખર્ચ | ૪.૭૫ | ૩.૬૫ | - | ૧.૧૦ |
| (૩) | મરામત અને નિભાવણી | ૪૫.૭૨ | ૪૧.૨૩ | - | ૪.૪૯ |
| (૪) | નકકી થયેલ પ્રોગ્રામ ખર્ચ | ૩.૫૦ | ૨.૨૭ | - | ૧.૨૩ |
| (૫) | લોન વ્યાજ ખર્ચ | ૦.૮૫ | ૦.૮૫ | - | - |
| (૬) | શિક્ષણ ઉપકર અને લેબર શેષ સરકારશ્રીમાં જમા | ૧૩.૦૦ | ૮.૮૦ | - | ૪.૨૦ |
| (૭) | જાહેર શિક્ષણ ખર્ચ | ૧૪.૧૫ | ૧૧.૧૫ | - | ૩.૦૦ |
| (૮) | મહેસુલી ગ્રાન્ટ ખર્ચ | ૩૯.૬૭ | ૪૧.૧૩ | ૧.૪૬ | - |
| (૯) | અન્ય ખર્ચ | ૭.૯૧ | ૯.૫૨ | ૧.૬૧ | - |
| (૧૦) | કેપિટલ ખર્ચ ગ્રાન્ટ | ૨૩૯.૭૧ | ૨૨૫.૬૮ | - | ૧૪.૦૩ |
| (૧૧) | કેપિટલ ખર્ચ સ્વભંડોળ | ૧૮.૦૧ | ૮.૭૭ | - | ૯.૨૪ |
| (૧૨) | એડવાન્સ | ૩.૪૯ | ૧.૫૮ | - | ૧.૯૧ |
| (૧૩) | અનામત | ૪૬.૨૦ | ૨૬.૮૨ | - | ૧૯.૩૮ |
| (૧૪) | મ્યુનિ. ફાળો કેપીટલ ખાતે ટ્રાન્સફર | ૭.૯૨ | ૬.૩૬ | - | ૧.૫૬ |

| અનુ. નં. | વિગત | અંદાજ પત્ર મુજબ | રીવાઈઝ્ડ મુજબ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | કુલ | ૬૧૨.૪૯ | ૫૫૦.૬૦ | ૩.૦૭ | ૬૪.૯૬ |

(૨) રીવાઈઝડ અંદાજોના કારણો (મુખ્ય આવકમાં વધારા–ઘટાડો) જોઈએ તો :

(૧) **પ્રોપર્ટી ટેક્સ. ::–**

ચાલુ વર્ષમાં **રૂા. ૮૫.૨૯** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા.૩૦–૧૧–૨૦૨૧ સુધીમાં કુલ આવક **રૂા. ૨૯.૪૬** કરોડની થયેલ છે. નવી હદ વિસ્તારના મિલ્કત વેરાના બિલો અન્વયે જી.આઈ.ડી.સી. ફેઈસ–૨ અને ફેઈસ–૩ તથા હાપા ઔદ્યોગિક વસાહતના મિલ્કત ધારકો ધ્વારા એમ.ઓ.યુ. તથા અન્ય મુદાઓ બાબતે નામ. હાઈકોર્ટમા કેસ કરેલ. જે કેસ મહાનગરપાલિકાની વિરૂધ્ધમા આવતા જામનગર મહાનગરપાલિકા ધ્વારા નામ. સુપ્રિમ કોર્ટમા પીટીશન દાખલ કરેલ છે જેની સુનવણી હવે પછી થવાની હોય હાલે પ્રોપર્ટી ટેક્સનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા, રીકવરીની સઘન ઝુંબેશ તથા બાકી રહેતા ટેક્સ ધ્યાને રાખતા તા. ૦૧–૧૨–૨૦૨૧ થી ૩૧–૦૩–૨૦૨૨ની અંદાજીત આવક **રૂા. ૩૩.૪૩** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૨૧–૨૦૨૨નું કુલ રીવાઈઝડ અંદાજ **રૂા. ૬૨.૮૯** કરોડ મૂકવામાં આવેલ છે.

(૨) **વ્યવસાય વેરો. ::–**

ચાલુ વર્ષમાં **રૂા. ૭.૪૦** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૨૧ સુધીમાં કુલ આવક **રૂા. ૩.૬૮** કરોડની થયેલ છે. વ્યવસાય વેરાનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા તથા રીકવરીની સઘન ઝુંબેશ ધ્યાને રાખતા તા.૦૧–૧૨–૨૦૨૧ થી ૩૧–૦૩–૨૦૨૨ની અંદાજીત આવક **રૂા. ૧.૯૭** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૨૧–૨૦૨૨નું કુલ રીવાઈઝડ અંદાજ **રૂા. ૫.૬૫** કરોડ મૂકવામાં આવેલ છે.

(૩) **ટાઉન પ્લાનીંગ . ::–**

ચાલુ વર્ષમાં **રૂા. ૪૯.૧૪** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૨૧ સુધીમાં કુલ આવક **રૂા. ૨૮.૬૫** કરોડની થયેલ છે. તા.૦૧–૧૨–૨૦૨૧ થી ૩૧–૦૩–૨૦૨૨ની અંદાજીત આવક **રૂા. ૧૯.૧૭** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૨૧–૨૦૨૨નું કુલ રીવાઈઝડ અંદાજ **રૂા. ૪૭.૮૨** કરોડ મૂકવામાં આવેલ છે.

(૪) **<u>એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ ::–</u>**

એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ ચાલુ સાલે નવે–૨૦૨૧ સુધીમાં **રૂા. ૧૦૧.૮૧** કરોડ થયેલ છે. મુળ અંદાજ મુજબ **રૂા. ૧૬૭.૬૧** કરોડ અંદાજવામાં આવેલ હતો. રીવાઈઝ અંદાજપત્રમાં **રૂા. ૧૬૨.૭૯** કરોડ અંદાજ મુકવામાં આવેલો છે. જે ધ્યાને લેતા અંદાજમાં **રૂા. ૪.૮૨** કરોડનો ઘટાડો સૂચવવામાં આવેલ છે.

(૫) **<u>જમીન વેચાણ અંગેની આવક. ::–</u>**

ચાલુ વર્ષે અંદાજપત્રમાં રાવળી જમીન, ટી.પી.સ્કીમની જમીન વેચાણ અને કોમર્શીયલ દુકાનની/માર્કેટ વેચાણની આવક **રૂા. ૨૦.૦૪** કરોડ અંદાજવામાં આવેલ. જે અન્વયે તા. ૩૦–૧૧–૨૦૨૧ સુધીમાં **રૂા. ૦.૦૦** કરોડની આવક થયેલ છે. ચાલુ સાલે જમીન વેચાણની પ્રક્રિયા ધ્યાને લેતા રીવાઈઝ અંદાજ **રૂા. ૧૦.૦૫** કરોડનો મુકવામાં આવેલ છે.

(૬) **<u>કેપીટલ ગ્રાંટ. ::–</u>**

સને. ૨૦૨૧–૨૦૨૨માં કેપીટલ ગ્રાન્ટ આવક **રૂા. ૨૦૧.૭૨** કરોડ અંદાજવામાં આવેલ, જેમાં તા. ૩૦–૧૧–૨૦૨૧ સુધીમાં ગ્રાન્ટ ના હેડે **રૂા. ૧૨૧.૨૪** કરોડ પ્રાપ્ત થયેલ છે. હવે પછી ચાર માસમાં મળનાર ગ્રાન્ટ આવકને ધ્યાનમાં રાખી રીવાઈઝડ અંદાજ **રૂા. ૨૧૪.૧૮** કરોડ મૂકવામાં આવેલ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૨૦૨૧ સુધીમાં કુલ મહેસુલી ખર્ચ **રૂા. ૧૭૨.૯૪** કરોડનું થયેલ છે અને ૨૦૨૧–૨૦૨૨ નુ રીવાઈઝડ અંદાજપત્ર મુજબ કુલ મહેસુલી ખર્ચ **રૂા. ૨૮૭.૭૫** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૨૦૨૧ સુધીમાં કુલ કેપીટલ સ્વભંડોળ ખર્ચ **રૂા. ૦.૫૬** કરોડ થયેલ છે. અને ૨૦૨૧–૨૦૨૨ નું રીવાઈઝડ કેપીટલ સ્વભંડોળ ખર્ચ **રૂા. ૮.૭૭** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૨૦૨૧ સુધીમાં કુલ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ **રૂા. ૧૦૫.૪૫** કરોડ થયેલ છે. અને ૨૦૨૧–૨૦૨૨ નું રીવાઈઝડ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ **રૂા. ૨૨૫.૬૮** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

: વિભાગ – બ :

➢ ***સને. ૨૦૨૨–૨૦૨૩નું ડ્રાફ્ટ અંદાજપત્ર***

(આંકડા કરોડમાં)

| આવક | સને. ૨૦૨૨–૨૦૨૩ નો અંદાજ | ખર્ચ | સને. ૨૦૨૨–૨૦૨૩ નો અંદાજ |
|---|---|---|---|
| **ઉઘડતી પુરાંત** | ૨૩૯.૯૫ | | |
| (૧) મહેસુલી આવક | | (૧) મહેસુલી ખર્ચ | |
| (અ) સ્વભંડોળ આવક | ૨૪૦.૪૮ | (અ) સ્વભંડોળ ખર્ચ | ૨૭૬.૯૦ |
| (બ) ગ્રાંટ આવક | ૮૧.૬૨ | (બ) ગ્રાંટ ખર્ચ | ૩૬.૫૮ |
| (૨) કેપીટલ સ્વભંડોળ આવક | ૨૮.૬૦ | (૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ | ૧૪.૫૬ |
| (૩) કેપીટલ ગ્રાંટ આવક | ૩૫૯.૧૦ | (૩) કેપીટલ ગ્રાંટ ખર્ચ | ૪૮૯.૧૮ |
| (૪) અનામત આવક | ૪૮.૬૫ | (૪) અનામત ખર્ચ | ૩૪.૧૭ |
| (૫) એડવાન્સ આવક | ૨.૦૫ | (૫) એડવાન્સ ખર્ચ | ૧.૭૧ |
| **કુલ આવક** | **૭૬૦.૫૦** | **કુલ ખર્ચ** | **૮૫૩.૧૦** |
| **ઉઘડતી સિલક સહ કુલ** | **૧૦૦૦.૪૫** | **બંધ પુરાંત** | **૧૪૭.૩૫** |

કાયદાની જોગવાઈ અનુસાર અંદાજપત્ર પુરાંત દર્શાવતું હોવુ જોઈએ. અંદાજપત્ર એ કોઈ નિશ્ચિત સમયગાળામાં થનાર આવક અને ખર્ચની વાસ્તવિક પરિસ્થિતિ રજુ કરતું આયોજન નથી પરંતુ અંદાજપત્રએ નિશ્ચિત સમયગાળામાં થનાર અંદાજિત આવક અને આવકની સામે થનાર ખર્ચની વિગતો દર્શાવતુ માત્ર આયોજન જ છે. આવક તથા ખર્ચનું આયોજન અનેકવિધ પરિબળો ઉપર નિર્ભર હોય છે. અનેકવિધ પરિબળો પૈકી કોઈ એક પરિબળ પણ આયોજનથી વિરુદ્ધ પરિણમે તો તેની સીધી અસર સમગ્ર અંદાજપત્ર ઉપર પડે છે.

ચાલુ સાલના રીવાઈઝડ અંદાજપત્ર તથા આગામી સાલના અંદાજપત્રમાં પણ જુદા જુદા પરિબળો આધારિત આવક અને ખર્ચના અંદાજો સાથે પુરાંતલક્ષી અંદાજપત્ર રજુ કરવામાં આવેલ છે. આવા પરિબળો પૈકી કોઈ એક અથવા એકથી વધુ પરિબળો આવકના લક્ષ્યાંકોને વિપરિત અસર કરે તો તેની સીધી અસર ખર્ચના અંદાજો ઉપર પણ સ્વભાવિક રીતે પડે જ છે. અને અંદાજીત પુરાંતલક્ષી અંદાજપત્ર ની સામે ખાધરૂપી વાસ્તવિક પરિસ્થિતિ પરિણમી શકે છે. જે આપણે સૌએ ધ્યાને લેવું જરૂરી છે.

**અંદાજપત્ર દરખાસ્ત સને. ૨૦૨૨–૨૦૨૩ :**

સને. ૨૦૨૧–૨૦૨૨નાં રીવાઈઝડ અંદાજપત્રને લક્ષમાં રાખીને સને. ૨૦૨૨–૨૦૨૩નું અંદાજપત્ર તૈયાર કરેલ છે. જેમાં મહેસુલી આવક **રૂા. ૩૨૨.૧૦** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત મહેસુલી સિલક **રૂા. ૪.૧૦** કરોડ ઉમેરતા કુલ **રૂા. ૩૨૬.૨૦** કરોડ થાય છે. મહેસુલી ખર્ચ **રૂા. ૩૧૩.૪૮** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે **રૂા. ૧૨.૭૨** કરોડની મહેસુલી બંધ પુરાંત રહેશે.

## મહેસુલી આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

(રકમ રૂા. કરોડમાં)

| અનું. નંબર | મહેસુલી આવક. | રકમ. | અનું. નંબર | મહેસુલી ખર્ચ. | રકમ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ટેક્સ આવક | ૯૪.૫૧ | (૧) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સ્ટાફ) | ૮૩.૧૩ |
| (૨) | ટેક્સ વગરની આવક | ૧૧૬.૯૯ | (૨) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સફાઈ) | ૮૮.૯૫ |
| (૩) | એજ્યુકેશન શેષ, લેબર વેલ્ફેર આવક | ૧૫.૦૦ | (૩) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ(જેએમટીએસ) | ૫.૨૩ |
| (૪) | ઓક્ટ્રોય ગ્રાન્ટ આવક | ૪૦.૨૬ | (૪) | વહીવટી ખર્ચ | ૪.૮૨ |
| (૫) | અન્ય ગ્રાન્ટ આવક | ૪૧.૩૬ | (૫) | મરામત અને નિભાવ ખર્ચ | ૫૦.૫૪ |
| (૬) | અન્ય આવક | ૧૩.૯૮ | (૬) | મહેસુલી ગ્રાંટ ખર્ચ | ૩૬.૫૮ |
| | | | (૭) | લોન વ્યાજ ખર્ચ | ૦.૮૫ |
| | | | (૮) | એજ્યુકેશન શેષ અને લેબર વેલ્ફેર સરકારશ્રીમાં જમા | ૯.૧૦ |
| | | | (૯) | નકકી થયેલ પ્રોગ્રામ ખર્ચ | ૨.૭૨ |
| | | | (૧૦) | જાહેર શિક્ષણ ખર્ચ | ૧૪.૧૫ |
| | | | (૧૧) | પરચુરણ ખર્ચ | ૯.૪૪ |
| | | | (૧૨) | કેપીટલ ખાતે ટ્રાન્સફર | ૭.૯૭ |
| | કુલ..... | ૩૨૨.૧૦ | | કુલ..... | ૩૧૩.૪૮ |

## કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

સને ૨૦૨૨–૨૦૨૩ ના અંદાજપત્રમાં કેપીટલ સ્વભંડોળ આવક **રૂા. ૨૮.૬૦** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક **રૂા. ૪૪.૦૦** કરોડ ઉમેરતા કુલ **રૂા. ૭૨.૬૦** કરોડ થાય છે. જેમાં કેપીટલ સ્વભંડોળ ખર્ચ **રૂા. ૧૪.૫૬** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે **રૂા. ૫૮.૦૪** કરોડની કેપીટલ સ્વભંડોળની પુરાંત રહેશે.

### કેપીટલ સ્વભંડોળ

(રકમ રૂા. કરોડમાં)

| ક્રમ | કેપીટલ આવક | રકમ | ક્રમ | કેપીટલ ખર્ચ | રકમ✓ |
|---|---|---|---|---|---|
| ૧ | મહેસુલી ફાળો | ૬.૯૭ | ૧ | સામાન્ય વહિવટ | ૦.૫૨ |
| ૨ | જમીન વેચાણ | ૨૦.૦૭ | ૨ | પાણી અને ગટર વ્યવસ્થા | ૫.૮૬ |
| ૩ | દુકાનનું વેચાણ | ૧.૫૦ | ૩ | સેનીટેશન અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ૧.૨૭ |
| ૪ | અન્ય આવક | ૦.૦૬ | ૪ | જાહેર સુખાકારી અને સમૃદ્ધિ | ૧.૨૮ |
| | | | ૫ | શહેરી વનિકરણ | ૦.૪૨ |
| | | | ૬ | શહેરી ગરીબી નાબૂદી અને સામાજીક ઉત્કર્ષ | ૨.૧૫ |
| | | | ૭ | જાહેર શિક્ષણ | ૧.૦૫ |
| | | | ૮ | આરોગ્ય અન્ય આનુષાંગિક સેવાઓ | ૨.૦૧ |
| | કુલ | ૨૮.૬૦ | | કુલ | ૧૪.૫૬ |

**કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :**

સને ૨૦૨૨–૨૦૨૩ ના અંદાજપત્રમાં કેપીટલ ગ્રાન્ટ આવક **રૂા. ૩૫૯.૧૦** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક **રૂા. ૧૭૧.૬૯** કરોડ ઉમેરતા કુલ **રૂા. ૫૩૦.૭૯** કરોડ થાય છે. જેમાં કેપીટલ ગ્રાન્ટ ખર્ચ **રૂા. ૪૮૯.૧૮** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે **રૂા. ૪૧.૬૧** કરોડની કેપીટલ ગ્રાન્ટની બંધ પુરાંત રહેશે.

## કેપીટલ ગ્રાન્ટ

(રકમ રૂા. કરોડમાં)

| ગ્રાંટ આવક | રકમ | ગ્રાંટ ખર્ચ | રકમ |
|---|---|---|---|
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮) | ૩૬.૦૦ | **૧૪મા નાણાંપંચ ની ગ્રાંટના કામો (સ્પીલ ઓવર)** | |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (સડક યોજના) | ૮.૦૦ | – પાણી પુરવઠા ના કામો | ૬.૦૨ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (આગવી ઓળખ) | ૫.૫૦ | – ટી.પી.ડી.પી. | ૩.૨૫ |
| કેપીટલ ગ્રાંટ ઉપર મળેલ વ્યાજ | ૧૦.૦૦ | – સીવીલ | ૦.૫૦ |
| અમૃત યોજના હેઠળની ગ્રાન્ટ | ૧૪.૦૦ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮) ગ્રાંટ હેઠળના કામો** | |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ હેઠળ નવા ભળેલ વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો | ૫૪.૧૦ | – વોટર વર્કસને લગત કામો | ૪.૬૫ |
| ગુજરાત મ્યુ. ફાઈનાન્સ બોર્ડ ગ્રાંટ | ૧.૦૦ | – ભૂગર્ભ ગટરને લગત કામો | ૪.૩૫ |
| સાંસદ સભ્યશ્રી / ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ | ૫.૮૦ | – ઈન્ફ્રાસ્ટ્રકચર ને લગત કામો | ૫૪.૩૮ |
| પ્રધાનમંત્રી આવાસ યોજનાની ગ્રાન્ટ | ૧૫.૦૦ | – સ્ટ્રીટ લાઈટને લગત કામો | ૮.૬૪ |
| મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન ગ્રાન્ટ | ૫.૦૦ | – કોમ્પ્યુટર | ૨.૩૬ |
| પ્રધાન મંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાર્થી ફાળો | ૯.૫૦ | સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (આગવી ઓળખ) | ૭.૦૦ |
| મુખ્ય મંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાર્થી ફાળો | ૦.૫૦ | અમૃત યોજનાની ગ્રાન્ટના કામો | ૧૪.૨૧ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના – ફલાય ઓવર બ્રીજ / ઓવર બ્રીજ ગ્રાન્ટ | ૧૨૧.૫૦ | પ્રધાનમંત્રી ગૃહ યોજના અંતર્ગત આવાસો બનાવવાના કામો | ૨૧.૦૦ |
| રમત –ગમત અને સાંસ્કૃતિક વિભાગ હસ્તકની ગ્રાંટ | ૧૦.૦૦ | સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાંટ હેઠળ ફલાય ઓવરબ્રીજ / ઓવર બ્રીજ બનાવવાનું કામ | ૧૨૧.૫૦ |
| ૧૫મું નાણાપંચ | ૨૬.૯૨ | પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક બનાવવાના કામો /રીનોવેશન ના કામો | ૦.૯૦ |

| ગ્રાંટ આવક | રકમ | ગ્રાંટ ખર્ચ | રકમ |
|---|---|---|---|
| સીટી ડીસ્પેન્સરી ગ્રાન્ટ | ૨.૧૩ | નાઈટ શેલ્ટર બનાવવાનું કામ | ૦.૫૦ |
| લોકભાગીદારીની ગ્રાન્ટ | ૩૦.૯૪ | સાંસદ સભ્યશ્રી / ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો | ૩.૫૭ |
| પરચુરણ ગ્રાંટ | ૩.૨૧ | લોકભાગીદારી યોજના હેઠળ ના કામો –ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતકામો | ૩૦.૧૦ |
| | | ગુજરાત મ્યુ. ફાઈના. બોર્ડની ગ્રાંટ હેઠળ ના કામો –ઈન્ફ્રાસ્ટ્રકચરને લગત કામો | ૨.૦૦ |
| | | મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન | ૫.૦૦ |
| | | ટાગોર કલ્ચરલ કોમ્પલેક્ષ અને સ્પોર્ટસ કોમ્પલેક્ષ | ૭.૦૦ |
| | | આર. એન્ડ બી. વિભાગની ગ્રાન્ટના ધારાસભ્યશ્રી ધ્વારા સૂચિત કામો | ૨.૦૦ |
| | | આઉટગ્રોથ એરીયા કામો | ૧૦૦.૦૫ |
| | | સડક યોજનાના કામો | ૨૧.૮૨ |
| | | નંદ ઘર બનાવવાના કામો | ૦.૫૬ |
| | | સીટી ડીસ્પેન્સરી | ૬.૦૦ |
| | | **૧૫મા નાણાંપંચની ગ્રાન્ટના કામો** | |
| | | – ઈ–ગવર્નન્સ પ્રોજેકટ | ૧.૦૦ |
| | | – પાણી પુરવઠા ના કામો | ૨૨.૦૦ |
| | | – ભૂગર્ભ ગટર ના કામો | ૭.૫૦ |
| | | – સોલીડ વેસ્ટ | ૪.૦૦ |
| | | – સીવીલ | ૬.૦૦ |
| | | – લાઈટ | ૩.૫૦ |
| | | – ફાયર | ૧.૩૫ |
| | | – પ્રોજેકટ એન્ડ પ્લાનીંગ | ૧૧.૦૦ |
| | | – આવાસ યોજના ઈન્ફ્રાસ્ટ્રકચર | ૪.૪૨ |
| | | પરચુરણ ગ્રાંટ સામેના કામો | ૧.૦૫ |
| **કુલ** | **૩૫૯.૧૦** | **કુલ** | **૪૮૯.૧૮** |

## દરમાં સૂચવેલ વધારો :

### ❖ ઢોર ડબ્બા ચાર્જ :

| ક્રમ | વિગત. | ખોરાક ચાર્જ (પ્રતિ દિન) | |
|---|---|---|---|
| | | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | બળદ ખુંટીયા. | રૂા. ૨૦૦/– | રૂા. ૩૦૦/– |
| (૨) | ગાય | રૂા. ૨૦૦/– | રૂા. ૩૦૦/– |
| (૩) | ભેંસ ઉંટ | રૂા. ૨૦૦/– | રૂા. ૩૦૦/– |
| (૪) | બકરા ઘેટા | રૂા. ૧૫૦/– | રૂા. ૨૦૦/– |
| (૫) | પાડા, પાડી, વાછરડી, વાછરડા | રૂા. ૧૫૦/– | રૂા. ૨૦૦/– |

### ❖ ભૂગર્ભ ગટર હાઉસ કનેકશન ચાર્જ :

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | રેસીડેન્ટ | રૂા. ૭૦૦/– | રૂા. ૧૦૦૦/– |
| (૨) | નોન રેસીડેન્ટ | રૂા. ૧૮૦૦/– | રૂા. ૨૦૦૦/– |

### જન્મ મરણ સર્ટીફીકેટ ફી :

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | એક દાખલા દીઠ. | રૂા. ૫/– | રૂા. ૧૦/– |
| (૨) | અંગ્રેજી / ગુજરાતી સર્ટીફીકેટ લેમીનેશવાળુ માંગે તો એક નકલ દીઠ | રૂા. ૧૦/– | રૂા. ૨૦/– |
| (૩) | નોંધ શોધાઈ ફી | રૂા. ૨/– | રૂા. ૧૦/– |
| (૪) | જન્મ–મરણ ફોર્મ ફી | રૂા. ૧/– | રૂા. ૫/– |

### ❖ સરદાર વલ્લભભાઈ પટેલ એમ્યુઝમેન્ટ પાર્ક એન્ટ્રન્સ ફી :

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (૧) | એમ્યુઝમેન્ટ પાર્ક એન્ટ્રન્સ ફી | રૂા. ૧૦/– | રૂા. ૧૫/– | • ૫ વર્ષથી મોટી વ્યકિત માટે<br>• ૫ વર્ષથી નાની વ્યકિત માટે નિઃશુલ્ક પ્રવેશ ફી<br>• સવારના ૬:૦૦ થી ૯:૦૦ વાગ્યા દરમ્યાન વોકર્સ માટે નિઃશુલ્ક પ્રવેશ |

### ❖ જામ રણજીતસિંહજી પાર્ક એન્ટ્રન્સ ફી :

આ પાર્કમાં એન્ટ્રન્સ ફી નીચે મુજબ સૂચવવામાં આવે છે.

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (૧) | જામ રણજીતસિંહજી પાર્ક એન્ટ્રન્સ ફી | રૂા. ૧૦/– | રૂા. ૧૫/– | • ૫ વર્ષથી મોટી વ્યકિત માટે<br>• ૫ વર્ષથી નાની વ્યકિત માટે નિઃશુલ્ક પ્રવેશ ફી<br>• સવારના ૬:૦૦ થી ૯:૦૦ વાગ્યા દરમ્યાન વોકર્સ માટે નિઃશુલ્ક પ્રવેશ |

### ❖ રણમલ તળાવ એન્ટ્રી ફી :

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| | | ૫ વર્ષથી ઉપરની વ્યકિત માટે | ૫ વર્ષથી ઉપરની વ્યકિત માટે |
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | રણમલ તળાવ એન્ટ્રી ફી | રૂા. ૧૦/– | રૂા. ૧૫/– |
| (૨) | સીટી મ્યુઝીયમ એન્ટ્રી ફી | રૂા. ૧૦/– | રૂા. ૧૫/– |

| | | | |
|---|---|---|---|
| (૩) | મ્યુઝીકલ ફાઉન્ટેન – લેઝર શો એન્ટ્રી ફી | રૂા. ૨૫/– | રૂા. ૩૦/– |

## નવા સૂચિત દર :

### ❖ જન્મ મરણ સર્ટીફીકેટ ફી :

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૫) | નોંધણી લેઈટ ફી ૩૦ દિવસમાં | – | રૂા. ૨૦/– |
| (૬) | નોંધણી લેઈટ ફી ૩૦ દિવસ બાદ | – | રૂા. ૩૦/– |
| (૭) | નોંધણી લેઈટ ફી ૧ વર્ષ બાદ | – | રૂા. ૧૦૦/– |

### ❖ લગ્ન નોંધણી પ્રમાણિત નકલો મેળવવા માટેની ફી

| ક્રમ | કરદર ચાર્જીસનું નામ | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| ૧ | મેરેજ રજીસ્ટ્રેશન વહીવટી ચાર્જ | – | રૂા. ૧૦૦/– |

### ❖ ફોટોગ્રાફી ચાર્જીસ :

| ક્રમ | વિગત | *હાલના કરદર* | *કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર* |
|---|---|---|---|
| ૧ | વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી ચાજ (વાર્ષિક) | – | રૂા. ૨૫૦૦/– |

દરમાં સૂચવેલ ફેરફારો / વધારો મંજૂર થયેથી મહાનગરપાલિકાની જે હેડ વાઈઝ આવક મળશે તે મુજબ સને. ૨૦૨૨–૨૦૨૩ના આવકના અંદાજોમાં ઉમેરવાની થશે.

ઉપરોકત સૂચવેલ દરમાં વધારો કરવાથી જામનગર મહાનગરપાલિકાની વાર્ષિક આવકમાં રૂા. ૪૫ લાખનો વધારો થશે.

## ➢ સૂચનો :

(૧) રીવાઈઝ અંદાજપત્રમાં મૂકવામાં આવેલ અને આગામી વર્ષના અંદાજપત્રમાં મૂકવામાં આવેલ ખર્ચ જોગવાઈ ને આધીન જ કામો કરવાના રહેશે જે કંઈપણ ખર્ચની દરખાસ્તો કમિશ્નરશ્રી લેવલે અને સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરવામાં આવે તેમાં અંદાજપત્રીય જોગવાઈ, થયેલ ખર્ચ, બચત ગ્રાંટ ની વિગતો સહ દરખાસ્તો રજુ કરવાની રહેશે.

(૨) કોઈપણ કામના વર્ક ઓર્ડર આપતા પહેલા ગ્રાન્ટ ઉપલબ્ધી અંગેનુ એન.ઓ.સી. એકાઉન્ટ શાખામાંથી ફરજીયાત મેળવવાનું રહેશે.

(૩) તમામ શાખાઓએ લાગુ પડતા રાજય/કેન્દ્ર સરકારશ્રીના તમામ ટેકસીસ જેવા કે, જી.એસ.ટી., ઈન્કમ ટેકસ, ટી.સી.એસ., ભવિષ્યમાં લાગુ થનાર અન્ય ટેકસ, લેબર શેષ, કેરણ વેસ્ટ ચાર્જ વિગેરે ટેકસીસ શાખાએ ફરજીયાત ઉઘરાવવાના રહેશે. અન્યથા શાખા અધિકારી / કન્ટ્રોલીંગ અધિકારીની જવાબદારી રહેશે.

(૪) રાજય/કેન્દ્ર સરકારશ્રી જુદી જુદી યોજનાઓ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટના હિસાબોના સુચારૂ વ્યવસ્થાપન રૂપે આવક અને ખર્ચની કાર્યપધ્ધતિ પી.એફ.એમ.એસ. મારફત કરવાનું નિયત થયેલ છે. લગત શાખાઓએ એફએએસ મોડયુલમાં અને પી.એફ.એમ.એસ. મોડયુલમાં બન્નેમાં બિલો બનાવવાના રહેશે.

(૫) એમ્પ્લોઈ પ્રોવિડંટ ફંડ એન્ડ મીસેલીનીયસ એકટ ૧૯૫૨ અનુસાર પ્રિન્સીપલ એમ્પલોયર તરીકે કોન્ટ્રાકટરના કામદારોની ઈ.પી.એફ. કોમ્પ્લાયન્સની જવાબદારી જામનગર મહાનગરપાલિકાની રહે છે. આથી તમામ બ્રાન્ચ અધિકારીએ કોન્ટ્રાકટરના કામદારોની વેતન ચૂકવણી અને ઈ.પી.એફ. કોમ્પલાયન્સ ફરજીયાતપણે ચેક કરવાના રહેશે. આ બાબતે જણાયેલ ક્ષતિ અને ભવિષ્યે થતી જવાબદારી જામનગર મહાનગરપાલિકા ભોગવશે નહીં અને જે તે બ્રાન્ચ અધિકારીની નિયત કરવામાં આવશે.

(૬) રૂા. ૧૦૦૦થી ઉપરના તમામ બિલોનું ચુકવણુ ઓનલાઈન કરવાનુ ફરજીયાત બનાવેલ હોય, આવા રૂા. ૧૦૦૦થી ઉપરના તમામ બિલોમાં પાર્ટીનું પુરૂ નામ(બેંક ખાતામાં દર્શાવેલ હોય તે મુજબ), પાન કાર્ડ, બેંક એકાઉન્ટ નંબર (પુરા ડીજીટમાં), આઈ.એફ.એસ.સી. કોડ, માઈકર કોડ, બેંકનું નામ તથા બ્રાન્ચની વિગતો સ્પષ્ટ પૂરી પાડવાની રહેશે. અન્યથા આવા બિલોનું ચૂકવણુ કરવામાં આવશે નહીં. ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર આધાર બેઈઝથી પેમેન્ટ કરવાનું થતું હોય, કર્મચારીઓ અને લાભાર્થીઓના આધાર નંબર ફરજીયાત માસ્ટરમાં અપડેટ કરવાના રહેશે.

(૭) આવક કરતી તમામ શાખાએ નિયત થયેલ અંદાજપત્ર કોડ અને એકાઉન્ટ કોડ ઉપર જ પહોંચ કઢાવવાની રહેશે. જો આ બાબતે કોઈ વિસંગતતા જણાય તો એકાઉન્ટ શાખામાં સંપર્ક કરવાનો રહેશે.

(૮) આવશ્યક અને ઈમરજન્સી કામો અન્વયે જે કંઈપણ દરખાસ્ત કમિટી સમક્ષ કરવામાં આવે તે કામ અંગે અંદાજપત્રમાં ગ્રાંટ ઉપલબ્ધ ન હોય તો તેવા સંજોગોમાં કામના ખર્ચ મંજુરીની સાથે ગ્રાંટ ટ્રાન્સફર ની દરખાસ્ત પણ સાથે જ કરવાની રહેશે.

(૯) દરેક શાખાઓએ તેઓના હસ્તકની ઉભી થતી તમામ મિલ્કતોના બીલો બનાવતા પુર્વે તમામ મિલ્કતોની નોંધણી એસેટ મોડયુલમાં ફરજિયાત પણે કરવાની રહેશે સાથોસાથ તમામ હૈયાત મિલ્કતોની નોંધણી પણ એસેટ મોડયુલમાં કરવાની રહેશે. આ મોડયુલમાં સંપુર્ણ એન્ટ્રી થઈ ગયેલ છે તેના સુપરવીઝનની જવાબદારી લગત શાખાધિકારીની રહેશે.

ઉપરોકત હકીકતે ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ–૧૯૪૯ની કલમ–૯૫, ૯૯, ૧૨૭ હેઠળ રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજો નજર સમક્ષ રાખી **સને.૨૦૨૨–૨૦૨૩નાં વર્ષનું અંદાજપત્ર તૈયાર કરવામાં આવેલ છે.** જે સ્ટેન્ડીંગ કમિટી મારફત જનરલ બોર્ડની મંજુરી મેળવવા માટે આ સાથે હું રજૂ કરૂ છું.

**જામનગર.**

**તા.:૩૧/૦૧/૨૦૨૨**

**(વિજય ખરાડી)**

આઈ એ એસ

કમિશ્નર.

જામનગર મહાનગરપાલિકા